મેલબોર્નમાં ૯૧ હજારથી વધુ ચાહક પહોંચતા રેકોર્ડ

મેલબોર્ન,તા.૨૯

મેલબોર્નના ઐતિહાસિક મેદાન પર હાઉસફુલના શો વચ્ચે આજે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. આ મેચમાં સૌથી વધુ ચાહકોનો નવો રેકોર્ડ પણસર્જાયો હતો. મેચ જોવા માટે મેદાન પર ૯૧ હજારથી વધારે ચાહકો પહોંચ્યા હતા. આની સાથે જ નવો રેકોર્ડ સર્જાયો હતો. ફાઈનલ મેચ જોવા માટે મેલબોર્નમાં રેકોર્ડ લોકો પહોંચ્યા હતા આ અંગેની સત્તાવાર જાહેરાત પણ કોમેન્ટેટરો દ્વારા કરવામાં આવી હતી. ચાહકોની ઉપસ્થિતિના અગાઉના તમામ રેકોર્ડ આજે તુટી ગયા હતા. ૯૧૦૦૦થી પણ વધુ ચાહકો આજે ઓસ્ટ્રેલિયાના વિશ્વ વિજેતા બનવાના સાક્ષી તરીકે રહ્યા હતા. જુના રેકોર્ડ પણ તુટી ગયા હતા. આ અગાઉ મેલબોર્નમાં બે વખત ચાહકોની સંખ્યા હાઈએસ્ટ રહી છે. પ્રથમ વખત વર્ષ ૧૯૯૨માં ફાઈનલમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ફાઈનલ મેચમાં ૮૭૧૮૨ લોકો પહોંચ્યા હતા. જ્યારે વર્તમાન વર્લ્ડ કપની ભારત અને આફ્રિકા વચ્ચે રમાયેલી મેચમાં આ મેચ જોવા માટે ૮૬૮૭૬ લોકો પહોંચ્યા હતા. સૌથી વધારે ચાહકોનો રેકોર્ડ ૧૫ મહિના પહેલા ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેલોબ્ર ટેસ્ટને જોવા માટે લોકો પહોચ્યા હતા. એ વખતે ૯૧૧૧૨ લોકો પહોંચી ગયા હતા. આ અગાઉ કોલકત્તાના ઇડન ગાર્ડનમાં ફાઈનલ મેચ જોવા માટે ૭૦,૦૦૦ લોકો પહાચ્યા હતા. મેલબોર્ન ગ્રાઉન્ડમાં આજે બેસવાની જગ્યા દેખાતી ન હતી.

ઓસ્ટ્રેલિયાને વર્લ્ડકપ તાજ અપાવી ક્લાર્ક નિવૃત્ત

મેલબોર્ન,તા.૨૯

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન માઈકલ ક્લાર્કે આજે ઓસ્ટ્રેલિયાને વર્લ્ડકપ અપાવીને યાદગાર ક્ષણ સાથે નિવૃત્તિ લઈ લીધી હતી. આ જીતની સાથે જ પોતાની અંતિમ વનડે મેચ રમી રહેલા ઓસ્ટ્રેલિયાના કેપ્ટન ક્લાર્કે ભાવનાશીલ અંદાજમાં નિવૃત્તિ લઈ લીધી હતી. ક્લાર્કે ફાઈનલ પહેલા જ જાહેરાત કરી હતી કે, તે ફાઈનલ મેચ રમ્યા બાદ નિવૃત્તિ લઈ લેશે. ક્લાર્કે ઓસ્ટ્રેલિયા વર્લ્ડકપનો તાજ અપાવીને શાનદાર અંદાજમાં વન ડે ક્રિકેટને કહી હતી. માઈકલ ક્લાર્કે ૨૪૫ વનડે મેચો પોતાની કેરિયરમાં રમી હતી જેમાં ૭૯૮૧ રન બનાવ્યા છે જેમાં હાઈએસ્ટ સ્કોર ૧૩૦ રનનો રહ્યો છે. ક્લાર્કે વનડે ક્રિકેટમાં આઠ સદી અને ૫૮ અડધી સદી કરી છે. આવી જ રીતે ટેસ્ટ ક્રિકેટમાં ક્લાર્કે ૧૦૮ ટેસ્ટ મેચો રમી છે અને તેના રન ૮૪૩૨ રહ્યા છે. હાઈએસ્ટ સ્કોર ૩૨૯ નોટઆઉટનો રહ્યો છે. ક્લાર્કે ટેસ્ટ ક્રિકેટમાં ૨૮ સદી અને ૨૭ અડધી સદી કરી છે. તેની સરેરાશ ટેસ્ટ ક્રિકેટમાં ૫૦થી ઉપર અને વનડે ક્રિકેટમાં ૪૫થી ઉપર રહી છે જે તેની કુશળતા સાબિત કરે છે. ક્લાર્કે વનડે કેરિયરની શરૂઆત ૧૯મી જાન્યુઆરી ૨૦૦૩માં ઈંગ્લેન્ડ સામે કરી હતી. ૩૩ વર્ષીય ક્લાર્કે કહ્યું છે કે, તેના માટે આ બાબત બિલકુલ યોગ્ય છે. આ બિલકુલ યોગ્ય સમય પણ છે. ક્લાર્કે ગઈકાલે જ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, તેના માટે આ બિલકુલ યોગ્ય સમય છે. કેપ્ટનશીપની જવાબદારી મળ્યા બાદથી તે શ્રેષ્ઠ કામગીરી અદા કરી રહ્યો હતો.

સ્ટીવન સ્મિથે પણ હાલમાં ભારત સામે તેની ગેરહાજરીમાં ટેસ્ટ ક્રિકેટમાં ખુબ સારી કામગીરી અદા કરી હતી.

એપ્રિલ માસમાં વ્યાજદર યથાવત રહે તેવી શક્યતા

નવીદિલ્હી, તા.૨૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ૭મી એપ્રિલના દિવસે તેની પોલિસી સમીક્ષા બેઠકમાં વ્યાજદરમાં કોઈપણ ઘટાડો કરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે પરંતુ જૂન મહિના સુધી વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડીબીએસના અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ૭મી એપ્રિલના દિવસે વ્યાજદરમાં કોઈ ઘટાડો થાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. ફાયનાન્સિયલ કંપનીના જણાવ્યા મુજબ માર્ચ મહિનામાં પોલિસી રેટમાં આશ્ચર્યજનકરીતે ઘટાડો કરવામાં આવ્યા બાદ ૭મી એપ્રિલના દિવસે ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. રિઝર્વ બેંકની સાતમી એપ્રિલના દિવસે વાર્ષિક પોલિસી સમીક્ષા બેઠક મળનાર છે. માર્ચ મહિનામાં કાપ મુકવામાં આવ્યા બાદ તમામ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. રિઝર્વ બેંકે તે વખતે બેંચમાર્ક વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરીને ૭.૫૦ ટકા કર્યો હતો. જૂન સુધી ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો થાય તેવી સ્થિતિ રહેલી છે. વર્ષ ૨૦૧૫ના બીજા ગાળામાં અમેરિકામાં વ્યાજદર શું રહેશે તેને લઈને અટકળો ચાલી રહી છે. માર્ચ મહિનામાં રેટમાં કાપથી કારોબારીઓ ચોંકી ઉઠ્યા હતા. આરબીઆઈએ બે મહિનામાં બે વખત વ્યાજદરમાં કાપ મુક્યો છે. અગાઉ પણ આરબીઆઈએ એક વખત વ્યાજદરમાં એક વખત ઘટાડો કર્યો હતો જેના ભાગરુપે ૧૫મી જાન્યુઆરીના દિવસે વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો.

જાટ ક્વોટા અંગેના આદેશની સામે સરકાર સુપ્રીમમાં જશે

નવીદિલ્હી, તા.૨૯

જાટ ક્વોટાને રદ કરવાના તેના ચુકાદાની સમીક્ષાની માંગ કરીને મોદી સરકાર હવે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાના મુડમાં દેખાઈ રહી છે. કારણ કે સુપ્રીમ કોર્ટના આ આદેશના કારણે સિવિલ સર્વિસ એકઝામિશન(મેઈન)ના અંતિમ પરિણામને મોકુફ રાખવાની યુપીએસસીને ફરજ પડી છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કેન્દ્રિય ગૃહ, અંગત બાબતો, કાયદા અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના અધિકારીઓ ભાવિ નિતી તૈયાર કરવામાં લાગેલા હતા. હવે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ જાટ સમુદાયના પ્રતિનિધીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. જાટ સમુદાય માટે ઓબીસી અનામતને રદ કરવામાં આવ્યા બાદ જાટ સમુદાયના લોકો મોદીને મળ્યા હતા અને તેમની નારાજગી વ્યક્ત કરી હતી. મોદીએ કાયદાની હદમાં રહીને તમામ કામ કરવાની તેમને ખાતરી પણ આપી હતી. સરકારી અધિકારીએ કહ્યુ છે કે સમીક્ષા અરજી દાખલ કરવાનો નિર્ણય ટુંક સમયમાં જ કરવામાં આવનાર છે. જાટ સમુદાયના નેતા નવ રાજ્યોમાં આ સમુદાયને આપવામાં આવેલા અનામત અંગેના યુપીએ સરકારના જાહેરનામાને રદ કરવા ૧૭મી માર્ચના સુપ્રીમ કોર્ટના ચુકાદાની સમીક્ષા કરવાની માંગ કરી રહ્યા છે. હરિયાણામાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવી હતી. હવે ભાજપ સરકાર પણ હરિયાણામાં જાટ માટે જોબ ક્વાટોની તરફેણ કરી રહી છે.

સિવિલ સર્વિસના પરિક્ષા પરિણામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. મેઈન પરીક્ષામાં ભાગ લઈ ચુકેલા જાટ સમુદાયના સંબંધમાં યુપીએસસીના પ્રશ્નના સરકારના જવાબ બાદ જ પરિણામ જાહેર કરવામાં આવનાર છે. યુપીએસી દ્વારા પરિણામ તૈયાર કરી લેવામાં આવ્યા છે. પરંતુ સુપ્રીમ કોર્ટના આદેશના કારણે પરિણામ રોકી દેવામાં આવ્યા છે. જાટને ઓબીસી સ્ટેટસ આપવાના જાહેરનામાને રદ કરીને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે ઓબીસી પેનલના તારણો તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. જાટ પછાત વર્ગમાં નથી તેવી રજૂઆત કરવામાં આવી હતી.

સ્પાઈસ જેટ સાત નવા વિમાન ઉમેરવા તૈયાર

નવીદિલ્હી, તા.૨૯

સ્પાઈસ જેટ દ્વારા તેની સ્થિતીને ફરી મજબતુ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે સ્પાઈસ જેટ મેના અંત સુધી સાત વધુ બોઈંગ ૭૩૭ વિમાન ભાડાપટ્ટામાં લેશે. જ્યારે ૫૦૦ કરોડ રૂપિયા આગામી મહિનામાં તેના નવા માલિક અજયસિંહ દ્વારા ઠાલવવામાં આવનાર છે. એરલાઈનના પુન સજીવન પ્લાનના ભાગરૂપે અગાઉના પ્રમોટર મારન પરિવાર પાસેથી સિંહે હવાલો સંભાળી લીધા બાદ સિંહ કેરિયરમાં પહેલાથી ૫૦૦ કરોડ રૂપિયા ઠાલવી ચુક્યા છે. એરલાઈનના ટોપ સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે એપ્રિલ અને મે વચ્ચેના ગાળામાં સાત વધુ બોઈંગ ૭૩૭ વિમાનો સામેલ કરવામાં આવનાર છે. આની સાથે જ કુલ બોઈંગ વિમાનની સંખ્યા વધીને ૨૨ ઉપર પહોંચી જશે. નામ જાહેર નહી કરવાની શરતે સુત્રોએ કહ્યુ છે કે સિંહે તાજેતરમાં જ વિમાન ભાડાપટ્ટેથી આપનાર કંપનીઓ સાથે વાતચીત કરી હતી. સ્પાઈસ જેટ હાલમાં ૧૭ બોઈંગ ૭૩૭ અને ૧૫ બોમ્બબાર્ડિયર ક્યુ૪૦૦ વિમાન તેના કાફલામાં ધરાવે છે. સિંહે નવા લોકો સાથે વાતચીત કરી છે. સ્પાઈસ જેટને કેટલાક પ્રવર્તમાન વિમાન ભાડેપટ્ટેથી આપનાર લોકોએ કોર્ટમાં ખેંચી ગયા બાદ નવા લોકો સાથે વાતચીત કરવામાં આવી છે. એપ્રિલમાં સિંહ ૫૦૦ કરોડ ઠાલવે તેવી શક્યતા છે. સ્પાઈસ જેટની થોડાક સમય પહેલા હાલત ખુબ કફોડી બની ગઈ હતી. સ્પાઈસ હવે તેની સ્થિતીને ફરી મજબુત કરવાની ઈચ્છા ધરાવે છે.

એક કરોડ લોકો એલપીજી સબસિડી છોડે તેવી તૈયારી

નવી દિલ્હી,તા. ૨૯

એક કરોડ લોકો એલપીજી સબસિડી છોડે તેવી ઈચ્છા મોદી સરકાર ધરાવે છે. આ ટાર્ગેટને પાર પાડવાની દિશામાં મોદી સરકાર ઝડપથી આગળ વધી રહી છે. જો માર્કેટ કિંમતે એલપીજી ખરીદવાની સ્થિતી છે તો સબસિડી ન લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને અપીલ કર્યા બાદ સરકાર માને છે કે એક કરોડ ગ્રાહકો એલપીજી સબસિડી છોડી શકે છે. સરકારના ટોપના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ટાર્ગેટ એક કરોડનુ છે. એલપીજી સબસિડી કેટલા લોકો છોડે છે તે બાબત પર હવે નજર રહેશે. દેશમાં આશરે ૧૫.૩ કરોડ એલપીજી ગ્રાહકો છે. ગયા સપ્તાહમાં વૈશ્વિક ઉર્જા પરિષદમાં બોલતા મોદીએ કહ્યું હતુ કે ૨.૮ લાખ લોકો એલપીજી સબસિડી શરેન્ડર કરી ચુક્યા છે. જેના કારણે આશરે ૧૦૦ કરોડ રૂપિયાની બચત તઈ ચુકી છે. મોદીએ કહ્યું હતું કે તેમની અપીલ બાદ ૨.૮ લાખ લોકોએ હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. આના કારણે જે ૧૦૦ કરોડની બચત થનાર છે તેનો ઉપયોગ ગરીબોના કલ્યાણ માટે કરવામાં આવનાર છે. ગેસ માટે સરકારે ડાઈરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમ શરૂ કર્યા બાદ મોટી સંખ્યામાં લોકો સબસિડી સ્કીમમાંથી બહાર નિકળી ચુક્યા છે. ડીબીટી હેઠળ સબસિડી રકમ હવે ગ્રાહકોના બેંક ખાતામાં સીધી રીતે જમા કરવામાં આવે છે. ખરીદીના સમય પર એલપીજી સિલિન્ડર માટે ફુલ રકમ તેઓ ચુકવે છે છતાં ગ્રાહકોના ખાતામાં સબસિડીની રકમ જમા કરવામાં આવે છે. ગ્રાહકોને હાલમાં સબસિડીવાળા ૧૨ ગેસ સિલિન્ડર આપવામાં આવે છે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન તેમની સબસિડી છોડી દેવા તમામ સાંસદો, ધારાસભ્યો, સિનિયર સરકારી અધિકારીઓ અને જાહેર ક્ષેત્રની કંપનીઓના કારોબારીઓને અપીલ કરી છે.

એમ્પાવર્ડ કમિટિની જાહેરાત

પહેલી એપ્રિલ ૨૦૧૬થી જીએસટીને અમલી કરાશે

નવીદિલ્હી, તા.૨૯

કેરળના નાણામંત્રી કેએમ મણિએ આજે વિશ્વાસ સાથે કહ્યું હતું કે, પહેલી એપ્રિલ ૨૦૧૬થી જીએસટીને અમલી બનાવવામાં સફળતા મળશે. રાજ્યોના નાણામંત્રીઓની એમ્પાવર્ડ કમિટિના ચેરમેન નિમાયેલા કેરળના નાણામંત્રી મણિએ વિશ્વાસ સાથે કહ્યું હતું કે, નક્કી કરવામાં આવેલી મહેતલને પહોંચી વળવામાં સફળતા હાથ લાગશે. જીએસટી અંગે રાજ્યોના નાણામંત્રીની એમ્પાવર્ડ કમિટિના ચેરમેને કહ્યું હતું કે, ઘણી પેટા કમિટિઓ આને અમલી બનાવવા માટે દિનરાત કામ કરી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, દરેક રાજ્યો આને લઈને આશાવાદી છે. સંભવિત મહેસુલી નુકસાનને લઈને ચિંતિત દેખાઈ રહેલા રાજ્યોની તકલીફોને પણ દૂર કરી દેવામાં આવશે. ઘણી પેટા કમિટિઓ કામ કરી રહી છે જે સફળ થશે. ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા ભાજપ શાસિત કેટલાક મોટા રાજ્યો પણ વિરોધ કરી રહ્યા છે પરંતુ વિરોધ કરનાર રાજ્યો પણ સમયસર વાત માની જશે. એમ્પાવર્ડ કમિટિના ચેરમેન તરીકે સર્વસંમતિ સાધવાના સિદ્ધાંત ઉપર તેઓ કામ કરી રહ્યા છે.

ગુપ્ટિલે વર્લ્ડકપમાં સૌથી વધુ ૫૪૭ રન બનાવ્યા

મેલબોર્ન, તા. ૨૯

ન્યુઝીલેન્ડના માર્ટિન ગુપ્ટિલે વર્લ્ડકપમાં સૌથી વધારે રન કરવાનો રેકોર્ડ પોતાના નામ ઉપર કર્યો હતો. આજે ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાની સામે તે વધારે સમય સુધી મેદાન ઉપર રહી શક્યો ન હતો. ૧૫ રન કરીને જ તે આઉટ થયો હતો પરંતુ આ ૧૫ રનની ઈનિંગ્સ રમતાની સાથે જ તે વર્લ્ડકપમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી બની ગયો હતો.

ગુપ્ટિલે આ વર્લ્ડકપમાં સૌથી વધુ રન કરવાનો રેકોર્ડ કરી લીધો હતો. પોતાની ૧૫ રનની ઈનિંગ્સ દરમિયાન તે હાલ ટોપ ઉપર રહેલા શ્રીલંકાના કુમાર સંગાકારાને પાછળ છોડી દેવામાં સફળ રહ્યો હતો. ગુપ્ટિલે વર્લ્ડકપની નવ મેચોમાં બે સદી, એક અડધી સદીની મદદથી ૧૦૪ રનની સરેરાશ સાથે ૫૪૭ રન કર્યા છે જ્યારે સંગાકારાએ સાત મેચોમાં સતત ચાર સદી ફટકારીને ૧૦૫ રનની સરેરાશ સાથે ૫૪૧ રન કર્યા હતા. આ વર્લ્ડકપના ટોપ સ્કોરર તરીકે ગુપ્ટિલ રહેશે તે બાબત પહેલાથી જ નક્કી થઈ ગઈ હતી. કારણ કે શ્રીલંકાની ટીમ પહેલાથી જ ફેંકાઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાના સ્મિથે નવ મેચોમાં ૪૦૨ રન કર્યા હતા પરંતુ તેના અને ગુપ્ટિલ વચ્ચે અંદર ખુબ વધારે રહ્યું હતું. ગુપ્ટિલે વેસ્ટઈન્ડિઝ સામે આ વર્લ્ડકપમાં ૨૩૭ રનની ઈનિંગ્સ રમી હતી અને તે વર્લ્ડકપમાં સૌથી લાંબી ઈનિંગ્સ રમનાર ખેલાડી પણ બન્યો હતો.

સેબીની માર્ગદર્શિકાને અમલી બનાવાઈ નથી

૪૦૦ કંપનીએ હજુ મહિલા ડિરેક્ટરની વરણી કરી નથી

નવીદિલ્હી, તા. ૨૯

સેબીની ફરજિયાત મહેતલ પૂર્ણ થવા આડે હવે માત્રે બે દિવસ રહ્યા છે ત્યારે આશરે ૪૦૦ લિસ્ટેટ કંપનીઓ દ્વારા હજુ પણ તેમના બોર્ડમાં મહિલા ડિરેક્ટરોની નિમણૂંક કરવામાં આવી નથી. માર્કેટ રેગ્યુલેટર સેબીએ હાલમાં ચેતવણી આપતા કહ્યું હતું કે તેના આદેશને નહી પાળવાની સ્થિતીમાં ગંભીર પરિણામ આવી શકે છે. સમય ખુબ ઓછો બાકી રહ્યો છે ત્યારે વધુને વધુ કંપનીઓ પહેલી એપ્રિલની સમયમર્યાદા પહેલા મહિલા ડિરેક્ટરોની નિમણૂંક કરવા માટે ઈચ્છુક છે. અનેક કંપનીઓ આગામી બે દિવસમાં તેમની બોર્ડ બેઠક કરીને મહિલા ડિરેક્ટરોની નિમણૂંક કરે તેવી શક્યતા છે. ઈન્ડસ્ટ્રીઝના સુત્રોએ કહ્યું છે કે સેબીની જરૂરીયાતને પાળવામાં નિષ્ફળ રહેવાની સ્થિતીમાં કોઈ નવા સુચન કરવામાં આવી શકે છે. બીજી બાજુ અનેક કંપનીઓ દ્વારા મહિલા ડિરેક્ટરોની નિમણૂંક કરવામાં આવી ચુકી છે. કેટલીક કંપનીઓ પત્નિ, પુત્રી, માતા અને બહેનોને સામેલ કરવામાં આવી છે. છેલ્લા સપ્તાહમાં હિરો મોટો કોર્પ, બજાજ ઓટો, તાતા ઈન્ટરનેશનલ અને અનેક સ્મોલ અને મિડ કેપ કંપનીઓ સહિત ૫૦ લિસ્ટેટ કંપનીઓ તેમના બોર્ડમાં મહિલા ડિરેકેટરોને સામેલ કરી ચુકી છે. પ્રયાસો છતાં ૩૯૫ લિસ્ટેટ કંપનીઓ દ્વારા તેમના બોર્ડમાં મહિલા ડિરેક્ટરોની નિમણૂંક કરવામાં આવી નથી. લિસ્ટેટ કંપનીઓને પહેલી એપ્રિલ પહેલા બોડમાં કમ સે કમ એક મહિલા રાખવાની સુચના આપવામાં આવી છે. સેબીએ એવા સંકેત પણ આપ્યા છે કે સમયમર્યાદા પૂર્ણ થયા બાદ વદુ કોઈ રાહત આપવામાં આવનાર છે. ફેબ્રુઆરી ૨૦૧૪માં જારી કરવામાં આવેલા સેબીના કોર્પોરેટ ગવર્ન્સ કોડના ભાગરૂપે આ માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. પ્રાઈમ ડેટા બેઝ દ્વારા જારી કરવામાં આવેલી માહિતી મનુજબ નેશનલ સ્ટોક એક્સચેંજ પર લિસ્ટેટ ૧૪૭૮ કંપનીઓ પૈકી ૩૯૫માં કોઈ મહિલા પ્રતિનિધી તેમના સંબંધિત બોર્ડમાં નથી. સેબીના આદેશ બાદ તમામ કંપનીઓ દ્વારા તેમના બોર્ડમાં મહિલા ડિરેક્ટરોને સામેલ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

એસ્પિરીન ડિપ્રેશન ખતરાને ૪૦ ટકા ઘટાડે છે : રિપોર્ટ

લંડન, તા. ૨૯

તાજેતરમાં જ કરવામા આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યુ છે કે દરરોજ એસ્પિરીનની એક ગોળી લેવાથી મોટી વયમાં ડિપ્રેશનને દૂર કરવામાં અથવા તો તેની સામે લડવામાં મદદ મળી શકે છે. અભ્યાસ દરમિયાન ટ્રાયલમાં જાણવા મળ્યુ કે નિયમિત રીતે એસ્પિરીનનો ઉપયોગ કરવાથી ૪૦ ટકા સુધી અસરગ્રસ્ત લોકોમાં ડિપ્રેશનના ખતરાને ઘટાડી શકાય છે. આ દવા લોહીમાં રહેલા એસિડ હોમોસાઈસ્ટેનના સ્તરને ઘટાડવામાં મદદરૂપ બને છે. એસ્પિરીનની દવાને લઈને અગાઉ પણ અભ્યાસ કરવામાં આવી ચુક્યા છે. કેટલાક અભ્યાસમાં એમ પણ જાણવા મળ્યું છે કે એસ્પિરીન વધુ પ્રમાણમાં લેવાથી ખતરનાક બની શકે છે. કેટલાક વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વધારે પ્રમાણમાં હોમોસાઈસ્ટાઈન નબળા માનસિક આરોગ્યમાં પરિબળ બની શકે છે. પુખ્ત વયના લોકોમાં અથવા તો મોટી વયના લોકોમાં ડિપ્રેશનના છ કેસોના એક કેસને લોહીમાં સપાટીને ઘટાડવા એસ્પિરીનનો ઉપયોગ કરી ટાળી શકાય છે. મોટી વયના લોકોમાં ડિપ્રેશનનો ખતરો વધારે રહે છે. કારણ કે આરોગ્યની નબળી સ્થિતિ જવાબદાર બને છે.

ટોપ ૧૦ની માર્કેટ મૂડીમાં એક લાખ કરોડનો ઘટાડો

મુંબઈ, તા.૨૯

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેન્સેક્સની તમામ ૧૦ કંપનીઓની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ટોપ ટેન બ્લુચીપ કંપનીઓની માર્કેટ મુડીમાં સંયુક્તરીતે એક લાખ કરોડથી વધુનુ નુકસાન થયુ છે. ટીસીએસને છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સૌથી વધારે નુકસાન થયું હતુ. બ્રોડર માર્કેટમાં જોરદાર ઘટાડો થતા શેરબજારમાં પણ કડાકો બોલાયો હતો. બેન્ચમાર્ક સેન્સેક્સે ૨૮૦૦૦ની સપાટી હાલમાં ગુમાવી દીધી હતી. તમામ ૧૦ મોસ્ટ વેલ્યુડ કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન ટીસીએસને સૌથી વધારે ૧૮૩૦૪.૩૨ કરોડનુ નુકસાન થયુ હતુ. જેના પરિણામસ્વરૂપે તેની માર્કેટ મુડી ઘટીને ૪૯૨૮૫૫.૧૩ કરોડ સુધી પહોંચી ગઈ છે. ટીસીએસ ઉપરાંત આરઆઈએલ અને કોલ ઈન્ડિયાની માર્કેટ મુડીમાં પણ જંગી ઘટાડો થયો છે. ૨૭મી માર્ચના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન રોકાણકારોએ જંગી રકમ ગુમાવી છે. આરઆઈએલની માર્કેટ મુડીમાં ૧૩૭૬૭.૮૫ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની મુડી ઘટીને ૨૬૨૬૫૬.૯૪ કરોડ સુધી પહોંચી ગઈ છે. કોલ ઈન્ડિયાની માર્કેટ મુડી ૧૩૦૪૩.૨૯ કરોડ ઘટી છે જેથી તેની મુડી હવે ૨૧૯૪૬૨.૦૮ કરોડ થઈ ગઈ છે. ટોપ પાંચ લીગમાં ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૬૦૩૧.૬૩ કરોડનો ઘટાડો થયો છે આ ઘટાડા બાદ તેની માર્કેટ મુડી ૨૬૦૧૭૨.૪૫ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે આઈટીસીની માર્કેટ મુડીમાં ૮૨૧૦.૨૨ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૨૫૪૧૭૨.૧૨ કરોડ થઈ ગઈ છે. એચડીએફસી બેંકની માર્કેટ મુડી ૧૦૪૫૧.૪ કરોડ ઘટી ગઈ ચે. આની સાથે જ તેની મુડી હવે ૨૫૩૯૯૫.૭ કરોડ થઈ છે. ઈન્ફોસીસની માર્કેટ મુડીમાં ૬૫૪૬.૨૯ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની મુડી હવે ૨૫૨૮૮૭.૮૭ કરોડ થઈ ગઈ ચે. સન ફાર્માની માર્કેટ મુડી ૩૪૦૬.૯૭ કરોડ ઘટી છે. જેથી તેની માર્કેટ મુડી હવે ૨૦૯૩૧૬.૧૩ કરોડ થઈ ગઈ છે. છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન એચડીએફસી અને એસબીઆઈની માર્કેટ મુડીમાં પણ ઘટાડો થયો છે.

જો કે માર્કેટ મુડીની દ્રષ્ટિએ ટીસીએસ પ્રથમ ક્રમાંકે છે. રીલાયન્સ બીજા ક્રમાંકે છે. છેલ્લા સપ્તાહ દરમિયાન સેન્સેક્સ ૮૦૨ પોઈન્ટ ઘટીને ૨૭૪૫૯ની સપાટી પર રહ્યો હતો. નિફ્ટી ૮૩૪૧ની સપાટી પર રહ્યો હતો.

એમ્મા વોટ્સનને પુરૂષો બેસ્ટ ગણે છે : સર્વે

લોસએન્જલસ, તા. ૨૯

હોલિવુડની સ્ટાર અભિનેત્રી એમ્મા વોટ્સન વર્ષ ૨૦૧૫માં ટોપ ૯૯ મોસ્ટ આઉટસ્ટેન્ડિગ વુમનની યાદીમાં પ્રથમ સ્થાને રહી છે. મેન્સ લાઈફ સ્ટાઈલ મેગેઝીનની આ યાદીમાં અન્ય તમામ ખુબસુરત અભિનેત્રીઓને પાછળ છોડીને એમ્મા પ્રથમ સ્થાને રહી છે. મેગેઝીનના પ્રકાશક જેમ્સ બાસ્સીલે નિવેદનમાં કહ્યું છે કે આ યાદી આધુનિક પુરૂષની વિચારધારા પર આધારિત રહી છે. જેમાં તેમના ક્ષેત્રમાં મહિલાના પ્રભુત્વની બાબત પર ધ્યાન આપવામાં આવ્યું છે. નવા ટેલેન્ટની બાબતને પણ ધ્યાનમાં લેવામાં આવી છે. ૨૪ વર્ષીય અભિનેત્રી એમ્મા વોટ્સન હેરી પોર્ટર ફિલ્મમાં જોરદાર ભૂમિકા કરવામાં સફળ રહી છે. આ વર્ષના એડિશનમાં એમ્માએ બાજી મારતા તેની સામે કોઈએ વાંધો ઉઠાવ્યો નથી. તે યુએન વુમન ગુડવિલ એમ્બેસેડર તરીકે પણ રહી છે. તે એક સમાન અધિકાર માટેની લડતમાં સામેલ રહી છે. આ યાદીમાં અન્ય જે મહિલાઓ સ્થાન મેળવી શકી છે તેમાં રોન્ડા રોસી, કિમ કરદાશિયા, ટેલર સ્વીફ્ટ, લિન્ડસે વોન, બિયોન્સ, અમ્મલ ક્લુની, જેનિફર લોરેન્સ અને મિશેલ ઓબામાનો સમાવેશ થાય છે.

સ્વાઈન ફલુથી દેશમાં મૃતાંક વધી ૨,૦૨૩ ઉપર પહોંચ્યો

નવીદિલ્હી, તા.૨૯

દેશમાં સ્વાઈન ફ્લુના કારણે વધુ ૧૨ લોકોના મોત થયા છે જેથી મોતનો આંકડો વધીને હવે ૨૦૨૩ સુધી પહોંચી ગયો છે. જ્યારે અસરગ્રસ્ત લોકોની સંખ્યા દેશમાં ૩૩૬૨૫ સુધી પહોંચી ગઈ છે. આરોગ્ય મંત્રાલય દ્વારા એકત્રિત કરવામાં આવેલા નવેસરના ડેટામાં જણાવવામાં આવ્યુ છે કે આ વર્ષે સ્વાઈન ફ્લુના કારણે હજુ સુધી મોતનો આંકડો ૨૦૨૩ સુધી પહોંચી ગયો છે. તમિળનાડુના કોઈમ્બતુર શહેરમાં સરકારી હોસ્પિટલમાં બે દિવસ પહેલા બાળકને જન્મ આપી ચુકેલી મહિલા હવે સ્વાઈન ફ્લુના સકંજામાં આવી ગઈ છે. તમિળનાડુમાં સ્વાઈન ફ્લુથી હજુ સુધી ૧૬ લોકોના મોત થયા છે. કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયના આંકડા દર્શાવે છે કે ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો દેશમાં સૌથી વધારે છે. ગુજરાતમાં અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૬૪૮૪ સુધી પહોંચી ગયો છે. જાન્યુઆરી બાદથી સ્વાઈન ફ્લુએ જોરદાર આતંક મચાવ્યો હતો પરંતુ હવે સ્થિતીમાં સુધારો થયો છે. ગુજરાત ઉપરાંત રાજસ્થાનમાં ૪૧૩ લોકોના મોત થયા છે. જ્યારે મહારાષ્ટ્રમાં મોતનો આંકડો ૩૯૦ રહ્યો છે. મધ્યપ્રદેશમાં સ્વાઈન ફ્લુથી ૨૯૮ લોકોના મોત થયા છે અને અસરગ્રસ્તોની સંખ્યા ૨૧૮૦ સુધી પહોંચી ગઈ છે. કર્ણાટકમાં મોતનો આંકડો ૮૨ સુધી પહોંચી ગયો છે. રાજ્યમાં અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૨૭૩૩ સુધી પહોંચી ગયો છે. જો કે તેલંગાણા, પંજાબ અને હરિયાણામાં મોતનો આંકડો ક્રમશ ૭૫, ૫૩ અને ૫૧ નોંધાયો છે. જમ્મુ કાશ્મીરમાં રોગના કારણે ૧૮ લોકોના મોત થયા છે. ઉત્તરાખંડમાં ૧૨ લોકોના મોત થયા છે. પશ્ચિમ બંગાળમાં મોતનો આંકડો ૨૪ રહ્યો છે. જ્યારે ઉત્તરપ્રદેશમાં એકના મોત સાથે મૃતાંક ૩૮ ઉપર પહોંચી ગયો છે. દિલ્હીમાં ૧૨ લોકોના મોત થયા છે. અસરગ્રસ્તોની સંખ્યા ૪૨૧૮ રહી છે. કેરળમાં મોતનો આંકડો ૧૩ ઉપર પહોંચી ગયો છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના આંકડા દર્શાવે છે કે આંધ્રમાં ૨૨ના મોત થયા છે જ્યારે છત્તિસગઢમાં ૨૨ લોકોના મોત થયા છે.હિમાચલમાં ૨૦ લોકોના મોત થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે ગુજરાતમાં સ્વાઈન ફ્લુના નવા ૧૧ કેસો સપાટી ઉપર આવ્યા હતા જેના કારણે કેસોની સંખ્યા વધીને ૬૪૯૫ સુધી પહોંચી ગઈ હતી. આવી જ રીતે સારવાર હેઠળ રહેલા લોકોની સંખ્યા હજુ પણ ૧૨૨ નોંધાઈ છે. ગઈકાલે સુરત અને વડોદરામાં એક એક વ્યક્તિના મોત સાથે મોતનો આંકડો ૪૨૮ સુધી પહોંચી ગયો હતો. સારવાર બાદ સાજા થઈ ચુકેલા લોકોની સંખ્યા ૫૯૪૫ સુધી પહોંચી ગઈ છે.